નકારાત્મક સ્થિતિનો પણ સકારાત્મક સ્વીકાર એટલે ‘સમાધિ’
- રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૮ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૫, શનિવાર ; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ૭૨૫ લાખના વિકાસ કામોને મંજુરી

## જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે પ્રાથમિક શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, પશુદવાખાના જેવા સાર્વજનિક કામોને મંજુરી અપાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક આજરોજ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે મળી હતી. આ બેઠકમાં વર્ષ- ૨૦૧૫-૧૬ માટે તાલુકા આયોજન સમિતિ દ્વારા મળેલ રૂપિયા ૭૨૫ લાખના કામોને બહાલી આપવામાં આવી છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ શાળાઓ અને આંગણવાડીને સંબંધિત કામોને અગ્રમતા આપવા તથા જે કામો થાય તેમાં ગુણવત્તા સાથે સમયસર પુરાં થાય તેની કાળજી રાખવા ખાસ અનુરોધ કર્યો હતો.

વર્ષ- ૨૦૧૫-૧૬ માટેના આયોજનની બેઠકમાં મુખ્યત્વે -ાથમિક શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રો, પશુ દવાખાના જેવા સાર્વજનિક કામોને મંજુરી આપવામાં આવી છે. વર્ષ- ૨૦૧૫-૧૬ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ગાંધીનગર જિલ્લાને ૪૭૫ લાખની ગ્રાન્ટ મળવાપાત્ર થઈ છે. જેમાં વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂપિયા ૩૦૭ લાખ, વિવેકાધીન ખાસ અંગભુત હેઠળ ૧૦૫ લાખ, પ્રોત્સાહક જોગવાઈ હેઠળ ૫૦ લાખ અને ખાસ પછાત વિસ્તાર જોગવાઈ હેઠળ ૧૩ લાખની ગ્રાન્ટ મળવાપાત્ર છે. વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ગાંધીનગર જિલ્લાને મળવાપાત્ર ગ્રાન્ટમાંથી ગાંધીનગર તાલુકાને રૂપિયા ૧૨૫ લાખ, કલોલ તાલુકાને ૧૨૫ લાખ, દહેગામ તાલુકાને ૧૨૫ લાખ અને માણસા તાલુકાને ૧૦૦ લાખની ફાળવણી કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા આયોજન સમિતિ દ્વારા રૂપિયા ૧૨૫.૬૦ લાખના કામોના આયોજનની દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં રૂપિયા ૧૫ લાખના સી.સી.રોડ, રૂપિયા ૬.૭૫ લાખના શૌચાલય, રૂપિયા ૯૬.૮૫ લાખના પેવર બ્લોક શેડ, વરંડો, અને કમ્પાઉન્ડ વોલ, રૂપિયા ૩ લાખના પાણીની પાઈપલાઈન - ટાંકી અને રૂપિયા ૪ લાખના અન્ય કામોનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત કલોલ તાલુકા આયોજન સમિતિ દ્વારા ૧૨૬.૧૪ લાખના કામોના આયોજનની દરખાસ્ત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વાઈન ફલુના કેસ ૯૪ થયા

## વધુ ૧ દર્દીનું મોત : શહેર અને જિલ્લામાં ડોર ટુ ડોર સર્વે કરવા પ્રભારી સચિવે સૂચના આપી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુનો આતંક રોજે રોજ વધુ ને વધુ તીવ્ર બની રહ્યો છે અને તંત્ર પણ નર્વસ બની ગયું છે. જિલ્લામાં આજે સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાના દર્દીઓની સંખ્યા ૯૪ પર પહોંચી છે. જયારે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યુ થતાં મૃત્યુ આંક ૧૩ પર પહોંચ્યો છે.

શહેર અને જિલ્લામાં ગઈકાલ સુધી ૭૭ જેટલા કેસ નોંધાયા હતા જયારે આજે વધુ ૧૭ કેસ નોંધાયા છે. સ્વાઈન ફલુના ગાંધીનગર શહેરમાંથી પણ ૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં - ૬, કલોલ-૩, માણસામાં-૨ તથા ગાંધીનગરમાંથી-૩ કેસ નોંધાયા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચિલોડાના આધેડનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું છે. આ સાથે જિલ્લામાં મૃત્યુ પાનારાઓની સંખ્યા ૧૩ પર પહોંચી છે.

બીજી તરફ આજે જિલ્લાના પ્રભારી સચિવ શ્રી ડાગુરે પણ અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવી હતી. તેમણે ગાંધીનગર શહેરમાં રિસર્વે કરવા સૂચવ્યુ છે તેમજ આ પછી ગ્રામ્ય વિસ્તારમાં પણ આવો જ સર્વે કરવા જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આયુર્વેદના ઉકાળાના વિતરણ પર તેમજ લોક જાગૃતિ આ રોગચાળા સામે વધે તેના પર વિશેષ ભાર મુક્યો હતો.

### ગુજરાતમાં સ્વાઈન ફલુ

ગુજરાતમાં કિલર તરીકે સાબિત થઈ રહેલા સ્વાઈન ફલુના કારણે મોતનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. આજે સ્વાઈન ફલુથી વધુ ૧૦ લોકોના મોત થયા હતા જેથી મોતનો આંકડો વધીને હવે ૧૮૬ ઉપર પહોંચી ગયો છે. આજે ગુજરાતભરમાં સ્વાઈન ફલુના વધુ ૨૬૬ કેસો સપાટી ઉપર આવ્યા હતા જેથી કેસોની સંખ્યા હવે ૨૬૩૭થી ઉપર પહોંચી ચુકી છે. સ્વાઈન ફલુના સૌથી વધુ કેસ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદમાં નોંધાઈ રહ્યા છે.

| | |
|---|---|
| ગુજરાતમાં કુલ મૃત્યુ | ૧૮૬ |
| કુલ કેસોની સંખ્યા | ૨૬૩૭ |
| નવા કેસોની સંખ્યા | ૨૬૬ |
| અમદાવાદમાં નવા કેસ | ૧૦૭ |
| વડોદરામાં નવા કેસ | ૧૨ |
| ગાંધીનગરમાં નવા કેસ | ૦૮ |
| સુરતમાં નવા કેસ | ૪૬ |
| બનાસકાંઠામાં નવા કેસ | ૦૭ |



ફાગણ ફોરમતો આવ્યો - રંગ અને ઉમંગનો મહિનો એટલે ફાગણ... રંગોનું પર્વ હોળી-ધૂળેટીનું કાઉન્ટ-ડાઉન લગભગ આરંભાઈ ચૂક્યું છે અને ફાગણને વધાવવા પ્રકૃતિ પણ આતુર હોય એમ કેસૂડાના સ્વરૂપે પ્રગટી રહી છે... કેસૂડાની ડાળો પર ફુલ ખીલતા જાય છે, વિસ્તરતા જાય છે, વિકસતા જાય છે... એકાદ સપ્તાહ બાદ કેસૂડાના ફુલ ડાળ પરથી બજારમાં આવશે અને રંગ બની માનવને ભીંજવી જીવનમાં ઉલ્લાસ પ્રગટાવશે... હોળીની સાથે વણાયેલો કેસૂડો આરોગ્યની દૃષ્ટિએ પણ પૂરક બને છે... કેસૂડાના પાણીથી સ્નાન સ્ફૂર્તિ બક્ષે છે... (તસવીર : દિપક જાની)

# જિલ્લાનો ગગડતો ક્રેડિટ ડિપોઝીટ રેશિયો ચિંતાજનક

## જિલ્લા કલેક્ટરે બેંકોને અભિયાન યોજી ૩૧ માર્ચ પહેલાં સુધાર લાવવા ૧૫ માર્ચ સુધીમાં સ્વરોજગારીની યોજનાઓનો નિકાલ કરવા કડક તાકીદ કરી : લઘુ, મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન માટે સેમિનાર યોજો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ક્રેડીટ-ડિપોઝીટ રેશિયામાં નોંધાયેલા બે ટકાના ઘટાડાને ગંભીરતાથી લેતાં જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે બેંકોને આ દિશામાં ખાસ અભિયાન હાથ ધરી ૩૧મી માર્ચના રોજ પુરા થતા નાણાંકીય વર્ષ પહેલાં તેમાં સુધારો થાય તે જોવા તાકીદ કરી હતી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ સહિત બેંકોના ઉચ્ચ અધિકારીઓની આજે મળેલ જિલ્લાની બેંકર્સ કન્સલટેટીવ કમિટીમાં શ્રી રવિશંકરે નબળી કામગીરી કરનારી બેંકો સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ માટે બેંકો દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવે. આ સ્થિતિ જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતનું પુરાંતલક્ષી બજેટ મંજૂર

## ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં એક કરોડથી વધુ પુરાંત દર્શાવતું બજેટ સુધારા સાથે મંજુર કરાયું : તંત્રની લાપરવાહી સામે અને કર્મચારીઓની અનિયમિતતાના મામલે સભ્યોએ રોષ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં રૂ. એક કરોડથી પણ વધુની પુરાંત દર્શાવતુ બજેટ પસાર કરવામાં આવ્યું હતું.

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુજી રાઠોડના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં અંદાજપત્ર આજે રજુ કરતાં જણાવ્યું હતુ કે આવકના સિમીત સાધનો છે પણ કરકસરયુક્ત વહીવટને લઈ આપણે પુરાંત દર્શાવી છે. આજની આ બેઠકમાં સ્વાઈન ફલુ અને અન્ય રોગચાળા માટે સઘન આરોગ્ય સેવાઓ માટે રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવે તેવા સભ્યોના આગ્રહને ગ્રાહ્ય રાખી બજેટ આ સુધારા સાથે મંજૂર કરાયું હતું.

બજેટ બેઠકમાં જ તંત્રની લાપરવાહી અંગે તેમજ કર્મચારીઓની અનિયમિતતાને લઈ સભ્યોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. ઓફિસમાંથી કાગળો ગુમ થવા, ગ્રાન્ટની સમયસર ફાળવણી નહિ થતી હોવાથી કામો પર વિપરીત અસરો પડી રહી હોવાનો રોષ પણ સભ્યોએ વ્યક્ત કર્યો હતો.

બજેટ બેઠક પૂર્ણ થયા બાદ તાલુકા વિકાસ અધિકારીશ્રી ચારેલ અને પંચાયત પ્રમુખશ્રી કાળુજી રાઠોડે સંયુક્ત રીતે સ્ટાફ સાથે બેઠક યોજી કર્મચારીઓને કડક તાકીદ કરતાં જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની ગેરરિતી સાંખી લેવામાં આવશે નહિ. નિયમિતતાની બાબતમાં પણ હવે દર મહિને સમીક્ષા કરાશે અને વારંવાર લેટ જણાતાં કર્મચારી સામે શિસ્ત વિષયક પગલાં લેવાની ચીમકી પણ આપી હતી.

# સે-૨૦ થી ૩૦માં રસ્તાના કામો અંગે સર્વે હાથ ધરાશે

## સરકારી વસાહત વિસ્તાર ઉપરાંત કેટલાક સેકટરોમાં કામગીરી સંપૂર્ણ

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં નવા અને જૂના સેકટરોમાં આંતરિક માર્ગોનું કામ પૂર્ણ થઈ ગયું છે. જયારે જૂના સેકટરોમાં સ્થિત સરકારી વસાહત ઉપરાંત કોમર્શિયલ વિસ્તાર સહીત કેટલાક સેકટરોમાં માર્ગ નવીનીકરણનું કામ બાકી છે. રસ્તાઓના કામ સંદર્ભે તંત્ર દ્વારા ટૂંકમાં સર્વે હાથ ધરાશે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટ પૂર્વ મુખ્ય માર્ગો સહીત શહેરના ઉભા રસ્તાઓના જરુરી રીસરફેસીંગ તેમજ બ્યુટીફીકેશનનું કામ કરવામાં આવ્યું હતું. શહેરી રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરના નવા અને જૂના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવી હતી જયારે સે-૨૦ થી ૩૦માં પણ આંતરિક માર્ગોને સુધારવાનું મોટા

● અનુસંધાન પાન-૭ પર



## બેસણું

મારા ધર્મપત્ની **અ.સૌ. ચંપાબેન બુદ્ધિસાગર શાહ (અલુવાવાળા)**નું દુઃખદ અવસાન તા. ૧૬-૨-૨૦૧૫ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૨-૨-૨૦૧૫ના રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** પ્લોટ નં. ૭૬૩/૧, પંચશીલ પાર્ક સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર

લિ.
**અશોકભાઈ બી.શાહ**
ફર્મ : કીડ્સ ફન એન્ટરપ્રાઈઝ
**પરેશભાઈ બી. શાહ**
ફર્મ : બિલ્ડીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર


પોલીસ કોન્સ્ટેબલ | તલાટી
100% ગેરંટીથી પોલીસ કોન્સ્ટેબલ અથવા તલાટીમાં નોકરી મેળવો !
નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે...
TCCI શરૂ કરે છે (ફક્ત તલાટી / કોન્સ્ટેબલ માટે જ)
બ્રિલિયન્ટ બેચ-2015
પોલીસ કોન્સ્ટેબલ ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 28.02.2015 | બપોરના 3-15 થી 6-15 | સોમ થી રવિ |
| 04.03.2015 | બપોરના 12-00 થી 2-00 | સોમ થી રવિ |

30000+ થી વધુ પ્રશ્નોનું સોલ્યુશન
દરરોજ 3 કલાકનું શિક્ષણ (સોમ થી શનિ)
દર રવિવારે ટેસ્ટ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
પરીક્ષા સુધીનો કોર્ષ
તલાટી ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 01.03.2015 | સવારના 9-00 થી 12-00 | સોમ થી રવિ |

ફક્ત ગાંધીનગર શાખા માટે જ
26.01.1994 થી 30.07.2014 સુધીમાં TCCI EDUCATION PVT. LTD. 8673 વિદ્યાર્થીઓમાંથી 7892 વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સફળતા !
TCCI EDUCATION PVT. LTD.
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર
MUKESH PATEL 90990 76788
DESIGN BY | 96622 54230



SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



સ્પેશ્યલ ઑફર
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)



૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬